# ડિટેક્ટીવ (જાસૂસ/ગુપ્તચર)

ડિટેક્ટીવ એક પ્રશિક્ષિત વ્યાવસાયિક છે. તેઓ પોલીસ દળના સભ્ય અથવા ખાનગી તપાસનીશ હોય છે, જે ગુનાઓને ઉકેલવાની કામગીરી બજાવે છે. તેઓ ફોજદારી તેમજ દિવાની એમ બંને પ્રકારના કેસો સંભાળી શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે સ્વતંત્ર રીતે કામ કરવામાં સક્ષમ છો
- તમારી પાસે તીવ્ર અવલોકન કૌશલ્ય છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૯,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)માં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ક્રિમિનોલોજી અને ફોરેન્સિક્સ/ફોરેન્સિક સાયન્સમાં સ્નાતક(BA/B.Sc)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પછી સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહીં આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ડિટેક્ટીવનું માસિક વેતન **રૂ. ૬૦,૦૦૦ થી ૧,૦૩,૦૨૮*** જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/homicide-detective/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી એજન્સીઓ અથવા ખાનગી ડિટેક્ટીવ કંપનીઓ

ઉદ્યોગ સાહસિકતા: તમે સ્વતંત્ર રીતે કામ કરવાનું પસંદ કરી શકો છો અને ઉપલબ્ધ હોય ત્યારે અસાઈનમેન્ટ લઈ શકો છો અથવા તમારી પોતાની કંપની શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે પૂછપરછ કરવા, લોકોને મળવા, પુરાવા એકત્રિત કરવા અથવા માહિતીને અનુસરવા માટે ફિલ્ડમાં નોંધપાત્ર સમય પસાર કરશો. જુનિયર સ્તરે તમે ટીમનું નેતૃત્વ કરશો નહીં. તમે ટીમમાં કામ કરો તેવી શક્યતા છે. તમારી પાસે નિશ્ચિત સમયપત્રક હોવાની શક્યતા નથી અને હાથ પરના કામના આધારે લવચીક બનવાની જરૂર છે. કેસની ગંભીરતાને આધારે તમારે વધારાના કલાકો અને સપ્તાહાંતમાં કામ કરવું પડી શકે છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ડિટેક્ટીવ ટ્રેઈની → આસિસ્ટન્ટ ડિટેક્ટીવ → ફિલ્ડ ડિટેક્ટીવ → ક્રાઈમ ઈન્વેસ્ટિગેટિવ ઓફિસર

**અથવા** ડિટેક્ટીવ તાલીમાર્થી → મદદનીશ ડિટેક્ટીવ → ફિલ્ડ ડિટેક્ટીવ ક્રાઈમ ઈન્વેસ્ટિગેટિવ ઓફિસર → પ્રાઈવેટ ઈન્વેસ્ટિગેટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિટેક્ટીવ, ખાનગી ડિટેક્ટીવ, ખાનગી તપાસનીસ અને ડિટેક્ટીવ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમો વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઇગ્નુ દિલ્હી - ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય મુક્ત વિશ્વ વિદ્યાલય (ફોજદારી ન્યાયમાં પી.જી.ડી. ઉપલબ્ધ કરાવે છે)
૨. યુ.એન.આઈ., પુણે (પુણે યુનિવર્સિટી) - સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી
૩. આર.ટી.એમ.એન.યુ., નાગપુર - રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી
૪. રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર (ક્રિમીનોલોજીમાં પી.જી. ડિપ્લોમા ઉપલબ્ધ કરાવે છે)
૫. એનએફએસયુ, ગાંધીનગર
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. અલ્હાબાદ યુનિવર્સિટી, અલ્હાબાદ (ગુનાશાસ્ત્રમાં ડિપ્લોમા ઉપલબ્ધ કરાવે છે)
૮. મદ્રાસ યુનિવર્સિટી, મદ્રાસ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. કારુણ્ય યુનિવર્સિટી, કોઈમ્બતુર
૩. ઓ.પી.જે.એસ. યુનિવર્સિટી, રાજગઢ
૪. જ્યોતિવિદ્યાપીઠ મહિલા યુનિવર્સિટી, જયપુર
૫. વિલિયમ કેરી યુનિવર્સિટી, શિલોંગ
૬. મોદી યુનિવર્સિટી - મોદી યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, રાજસ્થાન
૭. કેરિયર પોઈન્ટ યુનિવર્સિટી, કોટા (ગુનાશાસ્ત્રમાં પી.જી.ડી. ઉપલબ્ધ કરાવે છે)

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**રજની પંડિતને** ભારતના પ્રથમ મહિલા ખાનગી જાસૂસ તરીકે ઓળખવામાં આવે છે. તેણીએ ૭૫,૦૦૦ થી વધુ કેસ ઉકેલ્યા છે અને ૫૭થી વધુ એવોર્ડ જીત્યા છે. તેણે મુંબઈની રૂપારેલ કોલેજમાંથી મરાઠી સાહિત્યમાં સ્નાતક કર્યું છે. અભ્યાસ પૂર્ણ કર્યા પછી પ્રાઈવેટ ડિટેક્ટીવ (ખાનગી જાસૂસ) બનવાનું નક્કી કર્યું. વર્ષ ૧૯૮૩માં, રજનીએ તેની સેવાઓ આપવાનું શરૂ કર્યું અને વર્ષ ૧૯૯૧માં તેઓ ૨૫ વર્ષના થયા ત્યાં સુધીમાં તેમણે રજની પંડિત ડિટેક્ટીવ સર્વિસીસ નામની પોતાની એજન્સી શરૂ કરી.*

સ્રોત: https://www.indiatimes.com/trend- ing/social-relevance/rajani-pandit-lady- bond-indias-first-female-dªective-572548.html

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.